Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા** **સમય : ૧૨:૩૦ કલાકે**
**તા.૧૪–૧૦–૨૦૨૧**

## : કાર્યસૂચિ – ૨ :

૧૧. તા.૦૭-૧૦-૨૦૨૧ ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૧,૨,૫ અને ૬.૧ અંગે વિચારણા કરવા બાબત.........

બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(બિડાણ : ૦૯)
(હિસાબી)

૧૨. **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એક્ષટર્નલ ભણેલા વિદ્યાર્થીઓને રેગ્યુલરમાં ટ્રાન્સફર આપવા માટે ક્રેડિટ ટ્રાન્સફર પધ્ધતિથી પ્રવેશ આપવા માટે ક્રેડિટ હોવી જરૂરી છે પરંતુ આપણી યુનિવર્સિટીમાં એક્ષટર્નલ અભ્યાસક્રમમાં વાર્ષિક પધ્ધતિ અમલમાં છે તેમજ તેમાં ક્રેડિટ આપવામાં આવતી નથી આ સંજોગોમાં એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં પણ ક્રેડિટ દર્શાવવા અંગે વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલની તા.૧૪/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ ૧૦ની સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**એકેડેમિક કાઉન્સિલ તા. ૨૩/૦૮/૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,અન્ય યુનિવર્સિટીમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ અભ્યાસક્રમો પૈકી લાગુ પડતા અભ્યાસક્રમમાં ટ્રાન્સફર મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી જે સેમેસ્ટર માટે ટ્રાન્સફરની અરજી કરે તેવા કિસ્સામાં જે સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માંગે છે તેની પૂર્વેના તમામ સેમેસ્ટરોમાં કોઈ પણ પ્રકારનો બેકલોગ હોવો જોઈએ નહીં (પૂર્ણ સ્વરૂપે પાસ કરેલ હોવું જરૂરી છે.) તેમજ આ તમામ સેમેસ્ટરમાં મેળવેલ ક્રેડિટ જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગે છે તેના માટે મેળવવા પાત્ર થતી ક્રેડિટ થી ઓછી હોવી જોઈએ નહીં. જો અરજીકર્તા વિદ્યાર્થી પ્રવેશ હેતુ જે અભ્યાસક્રમના જે તે સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માંગે છે તેના માટે જરૂરી ક્રેડિટ ધરાવતો હોય તો આવા કિસ્સામાં વિદ્યાર્થીને સીધો પ્રવેશ આપવાનો રહેશે તથા આના માટે કોઈ ઈકવીલન્સ મેળવવાનું રહેશે નહીં. માત્ર એવા કિસ્સામાં જયાં અરજીકર્તા વિદ્યાર્થી જરૂર મુજબની ક્રેડિટ ધરાવતો ન હોય માત્ર તેવા કિસ્સામાં ડીનશ્રીનો અભિપ્રાય લેવાનો રહેશે. જે અભ્યાસક્રમોમાં એપેક્ષ બોડીના નિયમો ટ્રાન્સફર માટે લાગુ પડતા હોય તેવા કિસ્સામાં એપેક્ષ બોડીના નિયમ અનુસાર ડીનશ્રીનો અભિપ્રાય મેળવી ટ્રાન્સફર આપવાની રહેશે.**

**જે કિસ્સામાં વિદ્યાર્થી પ્રવેશ મેળવવા માટે જરૂરી ક્રેડિટ કરતા વધુ ક્રેડિટ ધરાવતો હોય તથા એવા કોઈ વિષયની ક્રેડિટ ધરાવતો હોય જે હવે પછીના સેમેસ્ટરના અભ્યાસક્રમમાં હોય તથા આ વિદ્યાર્થી જો આવા વિષયમાં મેળવેલ ક્રેડિટને આધારે Exemption મેળવવા માંગતો હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીએ Exemption પાત્રતા પ્રમાણિત કરાવવા અલગથી નિયત ફી ભરી અરજી કરવાની રહે છે. તથા તે અંગે ડીનશ્રીનો અભિપ્રાય મેળવ્યેથી Exemption આપવાની કાર્યવાહી કરવાની રહે છે.**

જે કિસ્સામાં વિદ્યાર્થી બેકલોગ ધરાવતો હોય તથા ટ્રાન્સફર માટે જરૂર કરતા ઓછી ક્રેડિટ ધરાવતો હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીએ નિયત ફી ભરીને અરજી કરવાની રહેશે તથા ડીનશ્રીનો અભિપ્રાય મેળવી અને તે અનુસાર બેકલોગ ધરાવતા વિષયો અથવા તેને સમકક્ષ વિષયોમાટે યુનિવર્સિટી દ્વારા યોજાતી જે તે વિષયની પરીક્ષા ડીનશ્રીના અભિપ્રાય અનુસાર આપવાની તથા પાસ કરવાની રહેશે. આવા કિસ્સામાં ઈન્ટરનલ માર્કસ એક્ષટર્નલ પરીક્ષામાં મેળવેલ માર્કસના પ્રોરેટા અનુસાર ગણતરીમાં લેવાના રહેશે.

વધુમાં, ટ્રાન્સફર મેળવવા ઈચ્છુક અરજીકર્તા વિદ્યાર્થી પ્રવેશ માટે જરૂરી ક્રેડિટ કરતા ઓછી ક્રેડિટ ધરાવતો હોય તથા ખૂટતી ક્રેડિટ કોર વિષયની હોય તેવા કિસ્સામાંડીનશ્રીનો અભિપ્રાય મેળવી તે મુજબના વિષયોની પરીક્ષા આપી ક્રેડિટ મેળવવાની રહેશે. તે સિવાયનાકિસ્સામાં જે તે ફેકલ્ટી / યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત ક્રેડિટ ધરાવતા સર્ટીફીકેટ કોર્ષ દ્વારા ખૂટતી ક્રેડિટ મેળવવાની રહેશે.પ્રસ્તુત બાબત અંગે સિન્ડિકેટને ભલામણ છે.

**(એકેડેમિક વિભાગ)**

એકેડેમિક કાઉન્સિલ તા:૧૪/૦૯/૨૦૨૧, ઠરાવક્રમાંક:૧૦

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં ચાલતા એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી તમામ સેમેસ્ટરોમાં એકસાથે વાર્ષિક પધ્ધતિમાંથી સેમેસ્ટર પધ્ધતિમાં ફેરવવામાં આવે તેમજ એક્ષટર્નલ તેમજ રેગ્યુલર મોડની ક્રેડિટ એકસમાન રહે તેમજ એક્ષટર્નલ અભ્યાસક્રમનાવિદ્યાર્થીને રેગ્યુલર મોડમાં યુનિવર્સિટી ના ટ્રાન્સફરનાનિયમો અનુસાર પ્રવેશ મળવાપાત્ર રહે તે બાબત સિન્ડિકેટને ભલામણ છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, એક્ષટર્નલ તથા રેગ્યુલર મોડના અભ્યાસક્રમ સેમેસ્ટર પધ્ધતિ મુજબ સમાન રહેશે. ઉપરાંત સેમેસ્ટર અને એક્ષટર્નલ પરીક્ષાઓ એકસાથે તેમજ એકસમાન પધ્ધતિથી યોજવામાં આવે તેમજ આ બાબત એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાશાખાના વિવિધ અભ્યાસક્રમોના તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી લાગુ પડશે તે મુજબ સિન્ડિકેટને ભલામણ છે.**

**(પરીક્ષા (એક્ષટર્નલ યુનિટ))**

**૧૩.** યુનિવર્સિટીના ઈન્ટીરીયર ડિઝાઈન સ્વનિર્ભર અભ્યાસક્રમમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં શ્રી અંકિતકુમાર ચાંગાવાલાના તા.૧૩/૦૭/૨૦૨૧ના પત્ર ધ્વારા Master in Interior Design (M.I.D.) નો બે વર્ષનો ફુલ–ટાઈમ અભ્યાસ કરવા પરવાનગી આપવા તથા સદર અભ્યાસ માટે તેઓની પગાર સહિતની અથવા ઓછા પગારની Study Leave મંજૂર કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૧૦ )
(વહીવટી)

**૧૪.** યુનિવર્સિટી પરિસર ખાતે આવેલ સમરસ હોસ્ટેલના પ્રવેશ, સંચાલન, વહીવટી અને સારસંભાળની જવાબદારી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવા અંગે વિચારણા કરવા બાબત.

(બોયઝ/ ગર્લ્સ હોસ્ટેલ)

**૧૫.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઓર્ડિનન્સ **69 (A)** અને **69 (B)** સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૧૧ )
(સિન્ડિકેટ)

**૧૬.** યુનિવર્સિટી સંલગ્ન સી. જે. પટેલ વિધાધામ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ.રશ્મિબેન મંદિરવાળાની આચાર્ય તરીકેની નિમણૂંક રદ કરવામાં આવેલ હતી. જે સંદર્ભે માનનીય સિન્ડિકેટ સભ્યશ્રીઓ દ્વારા યુનિવર્સિટીને કરવામાં આવેલ રજુઆત સંદર્ભે સિન્ડિકેટ તા.૧૨/૧૧/૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬થી ઠરાવ્યા અનુસાર ડૉ. રશ્મિબેન મંદિરવાળાને આચાર્યના પદ પર પુનઃ સ્થાપિત કરવા જણાવેલ હોય, તેમ છતાં ડૉ. રશ્મિબેન મંદિરવાળાને સંસ્થા દ્વારા હાજર કરેલ ન હોય, જે સંદર્ભે સિન્ડિકેટ તા.૩૦/૦૬/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૫ અંતર્ગત નિયુકત સમિતિ (૧) ડૉ. પારૂલબેન કે. વડગામા, (૨) શ્રી ભાવેશકુમાર જી. રબારી અને (૩) શ્રી કિરણભાઈ ઘોઘારી દ્વારા થયેલ સમાધાનનું કોલેજ મંડળ દ્વારા પાલન થયેલ નથી. તથા ડૉ. રશ્મિબેન મંદિરવાળાની તા.૨૨/૦૯/૨૦૨૧ની અરજી અન્વયે તેમને એન.ઓ.સી.ની જરૂરિયાત હોય, જે કોલેજ મંડળ દ્વારા આજદીન સુધી આપેલ નથી. સદર ડૉ. રશ્મિબેન મંદિરવાળાની આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

**નોંધઃ** ડૉ.રશ્મિબેન મંદિરવાળાના તા.૦૯/૦૮/૨૦૨૧ના પત્ર સંદર્ભે સિન્ડિકેટ તા.૧૧/૦૮/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૮૬થી નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. ડૉ. રશ્મિબેન મંદિરવાળાના યુનિવર્સિટી તરફથી વચગાળાની રાહત તરીકે નાણાંકીય સહાય આપવા બાબતના તા.૦૯/૦૮/૨૦૨૧ના પત્ર સંદર્ભે સદરહુ બાબતે નિયુકત સમાધાન સમિતિમાં પ્રિ. ડૉ. અશ્વિનભાઈ એસ. પટેલનો સમાવેશ કરી સમાધાનનો પ્રયત્ન કરવો.**

(બિડાણઃ ૧૨)
(સિન્ડિકેટ)

**૧૭. અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **-Sd/-**
ક્રમાંક : એસ–૧ (૧)/૧૫૫૬૦/૨૦૨૧ **ઈ.ચા.કુલસચિવ**
તા. ૦૯ –૧૦–૨૦૨૧

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**